ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ધૃતિ જે. શાહ
મો. ૯૬૬૪૯ ૭૨૦૪૪

## એસ.જી અંગ્રેજી મીડિયમ પ્રાથમિક શાળાનું ગૌરવ



ગાંધીનગર,તા.૨૧

આણંદ ખાતે યોજાયેલ નેશનલ ટેકવોન ચેમ્પિયનશીપ ૨૦૧૭ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૭-સી માં અભ્યાસ કરતો વિધ્યાર્થી મલ્હાર આર. પરમારે આ સ્પર્ધામાં નેશનલ લેવલ પર બ્રોંચ મેડલ અને સ્ટેટ લેવલ પર સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળામાં વિજેતા વિધ્યાર્થીને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.શાળા પરિવાર તેમજ આચાર્યા મિલી મેડમે વિજેતા બાળકને અભિનંદન આપ્યા હતા.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ‘ગણિતને ગોખો નહીં પણ પ્રેમ કરો’ વિષય પર વર્કશોપ



ગાંધીનગર,તા.૨૧

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઑફ ટેકનોલોજી, ભાટ અને દાસ સાયન્સિફિક રિસર્ચ લેબના ચેરમેન ચાંચલદાસ સાહેબના સંયુક્ત સહયોગથી ‘ગણિત ને ગોખો નહીં પણ પસંદ કરો’ વિષય પર વર્કશોપ આયોજિત કરાયેલ હતો. વર્કશોપમાં એન્જીનીયરીંગ તથા માસ્ટર સાયન્સના વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેસરોએ લાભ લીધો હતો. વર્કશોપના માધ્યમથી એન્જીનીયરીંગ તથા માસ્ટર સાયન્સના વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેસરો ને એન્જીનીયરીંગ, સાયન્સ ને મેથેમેટિક્સ સાથે કેવી રીતે સયોજીત કરવું તેના પાર લાઈવ હેંડસ ઓન કરાવવામાં આવેલ હતું. મેથેમેટીક્સ ને ગોખવાનું નહીં પણ પસંદ કરો, તો જેમ મોબાઈલમાં ગેસમાં રસ જાગે તો દરેક સ્ટેપમાં જીતી જવાય તેમ ગણિતના દરેક પ્રોબ્લેમ પણ સોલ્વ કરી શકાય. વિશ્વની દરેક શોધ પાછળ ગણિત એક મૂળભૂત રીતે જોડાયેલ છે. ગણિત એ ભારતની વૈદિક પરંપરા છે જો તેને ગોખવાની જગ્યાએ સમજવા મળ્યે તો રિસર્ચમાં યુવા વૈજ્ઞાનિક અને એન્જીનીયર નવી-નવી શોધ સંશોધન કરી શકે તેમ છે.

# શ્રી હરી ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનું ગૌરવ



ગાંધીનગર, તા.૨૧

શ્રી હરી ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ધોરણ-૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થી - નિહાર. એ. વ્યાસે શાળાને ગૌરવ અપાવ્યું છે. નિહાર વ્યાસે ૧૩મી રાજયકક્ષાની UCMAS Abacus & mental Arithmatic Competition માં F-2 કેટેગરીમાં ભાગ લીધો હતો. જેમાં તે Champion થયેલ છે. આ સ્પર્ધામાં ગુજરાતના કુલ ૩૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિહારે તેમના માતાપિતા અને શાળાનું ગૌરવ વધાર્યું છે. જે માટે શાળાના ટ્રસ્ટી રામકૃષ્ણસ્વામીજીએ તથા શાળા આચાર્ય ઉમંગભાઈ વસાવાએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રી જલારામ સેવા સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માનાયા

## ધોરણ-૧થી ૧૨ અને સ્નાતક-અનુસ્નાતક કક્ષાના તેજસ્વી છાત્ર-છાત્રાઓની અભ્યાસ સાધનાને બિરદાવવામાં આવી

ગાંધીનગર, તા. ૨૧

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યા પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

જલારામ ધામ, સૅક્ટર-૨૯ ખાતે યોજવામાં આવેલા સમારોહમાં ધોરણ-૧થી ૧૨ અને સ્નાતક-અનુસ્નાતક કક્ષાના તેજસ્વી છાત્ર-છાત્રાઓની અભ્યાસ સાધનાને બિરદાવવામાં આવી હતી.

સમારોહના મુખ્ય મહેમાન પદે અખિલ ગુજરાત લોહાણા સમાજના ધનવાનભાઈ કોટક, અતિથિ વિશેષ પદે વરિષ્ટ ઉપપ્રમુખ મુકેશભાઈ ઠક્કર, મહામંત્રી રાજેશભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. વિજયહનુમાન આશ્રમ, ધમાસણાના મહંત વૈદેહીશરણ (દંડીબાપુ) દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવવામાં આવ્યાં હતાં.





(૧) ૨૦૧૭ કયા દેશના રાષ્ટ્રપતિએ પોતાના મુખ્ય રણનીતિકાર સ્ટીવ બેનનને પદ પરથી દૂર કરી દીધા છે ?
(એ) જર્મની (બી) રશિયા
(સી) અમેરિકા (ડી) જાપાન

(૨) ૨૦૧૭ ઓગસ્ટમાં ઉત્તરાખંડના કયા સ્થાનથી ઓડિશાના પુરી વચ્ચે દોડતી કલિંગ-ઉત્કલ એક્સપ્રેસ ટ્રેન દૂર્ઘટનાગ્રસ્ત થઈ હતી?
(એ) ચમોલી (બી) હરિદ્વાર
(સી) દહેરાદૂન (ડી) નૈનિતાલ

(૩) ૨૦૧૭માં કલિંગ-ઉત્કલ એક્સપ્રેસ ટ્રેન ઉત્તરપ્રદેશમાં કયા સ્થળે દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી ?
(એ) સહરાનપુર (બી) અલીમાનપુર
(સી) ખાલીમપુર (ડી) મુઝફ્ફરનગર

(૪) ૨૦૧૭માં વિશ્વ ફોટોગ્રાફી દિવસ કઈ તારીખે મનાવવામાં આવ્યો હતો ?
(એ) ૧૯ ઓગસ્ટ (બી) ૨૯ ઓગસ્ટ
(સી) ૯ ઓગસ્ટ (ડી) ૧૬ ઓગસ્ટ

(૫) ૨૦૧૭માં ભારતીય મૂળના કયા વ્યક્તિને ચાઈલ્ડ જિનિયસ ખિતાબ આપવામાં આવ્યો છે ?
(એ) રાહુલ જોષી (બી) રાહુલ વર્મા
(સી) રાહુલ દોષી (ડી) રાહુલ જૈન

(૬) ૨૦૧૭માં કેન્દ્રીય લઘુમતિ રાજયમંત્રી મુખ્તાર અબ્બાસ નકવી દ્વારા લઘુમતિ સમાજની વિદ્યાર્થિનીઓ માટે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કેટલા ટકા આરક્ષણ આપવાની જાહેરાત કરવામાં આવી છે ?
(એ) ૧૦% (બી) ૨૦%
(સી) ૩૦% (ડી) ૪૦%

(૭) કેન્દ્ર સરકારે ભીમ કેશબેંક યોજનાની સમય મર્યાદા કયા સુધી વધારવાની જાહેરાત કરી છે ?
(એ) માર્ચ ૨૦૧૮ (બી) એપ્રિલ ૨૦૧૮
(સી) જૂન ૨૦૧૮ (ડી) ઓગસ્ટ ૨૦૧૮

(૮) ૨૦૧૭ જોર્ડનમાં આયોજીત એશિયાઈ જુનિયર વ્યક્તિગત સ્વકૈશ ચેમ્પિયનશીપમાં ભારતે કેટલા મેડલ જીત્યા હતા ?
(એ) ૨ (બી) ૪
(સી) ૬ (ડી) ૮

(૯) કેન્દ્ર સરકારે દિવ્યાંગ મહિલા કર્મચારીઓનાં બાળકોની શાળસંભાળ માટેનું માસિક ભથ્થું રૂા. ૧૫૦૦ થી વધારીને કેટલું કર્યુ છે ?
(એ) રૂા. ૧૦૦૦ (બી) રૂા. ૩૦૦૦
(સી) રૂા. ૫૦૦૦ (ડી) રૂા. ૭૦૦૦

(૧૦) ૨૦૧૭ સપ્ટેમ્બર માસમાં કયા દેશમાંથી કાચા તેલ (ક્રૂડ ઓઈલ) નો મોટો જથ્થો ભારતમાં આવશે ?
(એ) સાઉદી અરબ (બી) ઈરાક
(સી) અમેરિકા (ડી) ઓમાન

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે સ્ત્રી આરોગ્ય વિષયે વ્યાખ્યાનનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે કાઉન્સેલિંગ કમિટી દ્વારા વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ‘સ્ત્રી આરોગ્યને લગતી સમસ્યાઓ’ વિષયે આ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું, વક્તા તરીકે મહિન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ૪૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ અને શિક્ષકોએ આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શનમાં પ્રાધ્યાપક ડૉ. સજ્જનબેન ચૌધરી દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સૅક્ટર-૧ પૅન્શનર્સ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સૅક્ટર-૧ પૅન્શનર્સ સમાજ દ્વારા સૅક્ટર-૧માં વસતા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવાના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સંસ્થાના પ્રમુખ ઍસડીઆર મલિક દ્વારા જણાવવામાં આવ્યું છે કે સૅક્ટર-૧માં વસતા પ્રત્યેક નિવાસી કે જે પૅન્શનર હોય કે ન હોય - તેમનાં બાળકો કે જેમણે આ વર્ષે ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની પરીક્ષામાં ૭૫ ટકા અથવા તેથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા હોય તેમનું સન્માન કરવા માટે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. આગામી નવરાત્રિ દરમિયાન આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સૅક્ટર-૧ના વસાહતીઓને આ માટે પોતાનાં સંતાનોની માર્કશીટની નકલ, નામ, સરનામું, ટેલિફોન નંબર લખી સંસ્થાના નીચે જણાવેલા કાર્યકરો પૈકી કોઈ એકના ઘરે પહોંચાડવા સંસ્થા તરફથી તેમણે અપીલ કરી છે.

ઍસડીઆર મલિક, ૨૫૧, સૅક્ટર-૧ સી, ફોન નંબર : ૨૩૨૩૨૭૭૭, અશોકભાઈ શાહ, ૨૬૧/૨, સૅક્ટર-૧ સી, ફોન નંબર : ૨૩૨૩૭૩૩૩, જે ઍલ શાહ, ૨૪૮/૧, સૅક્ટર-૧ સી, ફો નંબર : ૨૩૨૩૦૬૫૪, ડૉ. જી પી વ્યાસ, ૨૩૫/૧, સૅક્ટર-૧ સી, ફોન નંબર : ૨૩૨૨૫૨૦૨.

આગામી તા. પાંચમી સપ્ટેમ્બર સુધીમાં આ ગુણપત્રકની નકલ પહોંચાડવાની રહેશે, એમ તેમણે આ યાદીમાં વધુમાં જણાવ્યું છે.

# મુક્તિધામ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાનું માર્ગદર્શન અપાયું

## ૩૦૦થી વધુ ઉમેદવારોને જીપીએસસી બોર્ડના પૂર્વ ડાયરેક્ટર ડૉ. પ્રવિણભાઈ વઘાસીયા દ્વારા માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૨૧

શહેરના સેક્ટર-૩૦ ખાતેના ‘અંતિમધામ’ ખાતેની લાયબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો તેમની તૈયારીઓ અર્થે નિયમિત આવે છે. આ ઉમેદવારોએ પરીક્ષામાં સફળ થવા માટે કેવી રીતે વાંચવુ, શું વાંચવુ, તેની તૈયારીઓ કેવી રીતે કરવી વગેરે બાબતો તથા પરીક્ષામાં પાસ થયા બાદ મૌખિક ઈન્ટરવ્યુ કેવી રીતે આપવો તે અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૩૦૦થી વધુ ઉમેદવારોને જીપીએસસી બોર્ડના પૂર્વ ડાયરેક્ટર ડૉ. પ્રવિણભાઈ વઘાસીયા દ્વારા સચોટ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. ૨ કલાક ચાલેલા આ કાર્યક્રમમાં તેમણે ઉમેદવારોને મુંઝવતા પ્રશ્નોનો જવાબો પણ આપ્યા હતા તથા દર સપ્તાહે અલગ અલગ વિષય પર જ્ઞાન પીરસવા આવવાની ખાત્રી આપી હતી.

# વડનગરની આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ખાતે અભિલેખાગાર અને ઈતિહાસ’ વિષયે વ્યાખ્યાન

## ગુજરાતનાં દેશી રાજ્યોનાં જૂનાં દસ્તાવેજો વિદ્યાર્થીઓને દર્શાવાયાં

ગાંધીનગર, તા. ૨૧

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર ખાતે ઈતિહાસના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતું, ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી શાહ દ્વારા ‘અભિલેખાગાર અને ઈતિહાસ’ વિષયે વિદ્યાર્થીઓને વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ઈતિહાસ ઉપરાંત રાષ્ટ્રીય અભિલેખાગાર, ગુજરાત રાજ્ય અભિલેખાગાર, સાંસ્કૃતિક વારસામાં અને સંશોધન ક્ષેત્રે દફ્તરોની ઉપયોગિતા, સંશોધન માધ્યમો બાબતે વિસ્તારપૂર્વક સમજૂતી આ વ્યાખ્યાન દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. તેમણે ગુજરાતનાં જૂનાં દેશી રાજ્યોનાં ૧૨૫ વર્ષ કરતાં પણ જૂનાં ઐતિહાસિક દસ્તાવેજો વિદ્યાર્થીઓને દર્શાવ્યાં હતાં તથા વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા.

સ્વાગત પ્રવચન અને આભાર વિધિ ડૉ. ઉર્વીબેન ભાવસાર દ્વારા કરવામાં આવી હતી.

# મુખ્યમંત્રી કરાવે છે, સાતત્યપૂર્ણ જનસુખાકારીના એક વર્ષનું વિકાસદર્શન

જીવમાત્રથી શરૂ કરીને, માનવતાને કેન્દ્રમાં રાખીને ‘સંવેદનશીલ સરકાર’ના સ્વરૂપને જેમણે મૂર્તિમંત કર્યુ છે તેવા મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના કર્મશીલ વ્યક્તિત્વમાં છલકાતી સંવેદનશીલતા પાછળ ઋજુ હૃદયનું આત્મબળ છે. ઈમાનદારી સાથે, પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને, ક્ષણ-ક્ષણ ગુજરાત અને ગુજરાતીઓ માટે સમર્પિત કરવાના ઊંડા ભાવ સાથે તેઓ કાર્યરત છે. એક અત્યંત સાધારણ પરિવારમાં જન્મેલા અને મ્યુનિસિપલ શાળામાં પ્રાથમિક શિક્ષણ લઈને ઉછરેલા બાળકે શિશુ સ્વયંસેવક તરીકે બાળપણમાં જ સેવા અને સમર્પણના સંસ્કારો સાથે જીવનને કેળવ્યું. યુવા વયે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં આગેવાની લીધી અને નવનિર્માણ જેવા ભ્રષ્ટાચાર વિરોધી જનઆંદોલનના નેતૃત્વની ડોર હાથમાં લીધી. કટોકટીમાં રાજકીય કેદી તરીકે જેલવાસ પણ ભોગવ્યો. વિવેકાનંદને વાંચ્યા, સમજ્યા, પચાવ્યા. પીડિતોની વેદનાને સ્વયમ્ અનુભવી. તેમના જાહેરજીવનના ચાર દાયકા ઉપરાંતનો સમય સેવા અને સંગઠનનો કર્મયજ્ઞ બની રહ્યો. સંવેદનશીલતા સાથે નિર્ણાયકતા અને પ્રગતિશીલતા સાથે પારદર્શિતાને ધ્યેયમંત્ર બનાવી ગુજરાતના સાતત્યપૂર્ણ વિકાસ અને જનસુખાકારીના વિસ્તાર માટે તેઓ સંકલ્પબદ્ધ છે. તેમની આ સંકલ્પબદ્ધતાના પાયામાં છે કર્મઠતા અને ઋજુતાના સંયોગ સાથેના ચાર દાયકા ઉપરાંતના તેમના જાહેરજીવનનો નિચોડ...!

તો ચાલો, પ્રિય વાચક બ્રધર્સ એન્ડ સિસ્ટર્સ, ઝસ વિજયભાઈ રૂપાણી સાથે એક અંતરંગ મુલાકાતમાં ઝિલાયેલા તેમના વ્યક્તિત્વના વિવિધ પાસાં જાણીએ, સમજીએ અને માણીએ... જો કે, ઉડીને આંખે વળગે એવી સૌથી અસરકારક બાબત એમના સરળ સ્વભાવની છે. એકદમ ‘ઈઝીલી એપ્રોચેબલ’ અને દરેકને એમ થાય કે, આ તો આપણા પોતાના છે. એમની હાજરીનો ભાર નહીં એમની હાજરીનો સૌ કોઈને આનંદ વરતાય...



આપના દિવસની શરૂઆત કેવી રીતે થાય છે ?

યોગ-પ્રાણાયામ અને સૂર્યનમસ્કાર... પ્રતિદિન સવારનો મારો આ નિત્યક્રમ. શરીર અને મનની સ્વસ્થતા સાથે ઈશ્વર આરાધના-પ્રાર્થના કરીને પરમના સંયોગના માર્ગે ચાલીને જનસેવા માટે આગળ વધું છું. પરમ કૃપાળુ પરમાત્માએ માનવ જીવન આપ્યું છે ત્યારે એનો સંપૂર્ણ રીતે સદઉપયોગ કરી પ્રત્યેક જીવ અને માનવમાત્ર પ્રત્યે ઐક્ય અને સંવેદનાના ભાવ સાથે મારી સવાર પડે છે.

જાહેરજીવન અને સમાજ સેવા માટેની પ્રેરણા આપને ક્યાંથી મળી? આપના પ્રેરણામૂર્તિ કોણ છે ?

વિદ્યાર્થી પરિષદમાં પ્રવૃત્ત થયો અને સ્વામી વિવેકાનંદજીને વાંચ્યા. સ્વામીજીની વિચારધારા અને કર્મશીલતાનો બહુ ઊંડો પ્રભાવ મારા માનસપટ પર પડ્યો. જીવનના ઉચ્ચતમ મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો અને તેની મહત્તા તથા દેશવાસીઓ પરત્વેની ઊંડી સંવેદનાએ મારા ભાવજગતને ઢંઢોળ્યું. સ્વામી વિવેકાનંદ તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક પ.પૂ. ગુરુજીની વિચારધારા અને તેમના જનસેવાને સમર્પિત જીવનના અધ્યયનથી મને મારા જીવનની દિશા નિર્ધારિત કરવાની સ્પષ્ટતા સાંપડી. મારામાં અનેરું આંતરિક બળ સંચિત થવા લાગ્યું. એમના જીવન ચરિત્રમાંથી મન ` દેશવાસીઓના કલ્યાણ માટે અને સાંસ્કૃતિક વારસાના જતન માટે જીવાતા જીવનમાં સાચી સાર્થકતાના સ્પષ્ટ દર્શન થયા. સુસ્પષ્ટ વિચારધારાના બળ થકી અવરોધો અને અડચણો વચ્ચે પણ અડગ રહેતા મનોબળનું ઘડતર થયું અને તે મારી જાહેરજીવનની યાત્રાનું ચાલકબળ બન્યું.



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

આપનામાં સરળતાની સાથે શિસ્તપ્રિયતા છે તથા વિનમ્રતાની સાથે મક્કમતા પણ છે. આપનામાં આવા ગુણો કેવી રીતે વિકસ્યા ?

મારા ચાર દાયકાના જાહેરજીવનમાં પોણા ભાગનો સમય તો સંગઠનની પ્રવૃત્તિમાં ગયો છે. શાંતિ અને મૈત્રીપૂર્ણ રીતે બધાને સાંભળવા, સાથી કાર્યકર્તાઓનો હંમેશા પહેલો વિચાર કરવો, ટીમ બનાવીને કામ કરવું. વરસો સુધી જીવનમાં આવી રીતે કાર્યરત રહેવાનું થયું છે. તેથી આવી બાબતો મારી જીવનશૈલી અને વ્યવહારોની સ્વાભાવિક અભિવ્યક્તિ બની છે. આને હું મારી વિશેષતા તરીકે જોતો નથી.

એકધારી રીતે વ્યસ્ત રાખતું આપનું જાહેરજીવન અને બીજી બાજુ પારિવારિક જીવન. આ બંને વચ્ચે આપ સંતુલન કેવી રીતે જાળવો છો?

જીવનમાં ‘સમજદારી’ - અન્ડરસ્ટેન્ડિંગ એ સૌથી મહત્ત્વનો સેતુ છે. સંગઠનનું કામ હોય - સમાજનું કાર્ય હોય કે પરિવારની સામાજિક બાબત હોય - જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સમજદારી પાયાનું પરિબળ છે. મારું એ સદભાગ્ય છે કે જેવી રીતે હું એક કાર્યકર્તા તરીકે જીવન જીવી રહ્યો છું તેવી જ રીતે મારાં ધર્મપત્ની પણ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં પૂર્ણકાલિન કાર્યકર્તા હતાં અને આજે પણ કાર્યકર્તા તરીકે જીવન જીવી સમાજ સેવા માટે સતત પ્રવૃત્ત છે. સમાન ભૂમિકાવાળું જીવન અને પરસ્પર સમજદારીને લીધે મારા પારિવારિક જીવનમાં પણ લાભ થયો તથા જનસેવાની અમારી લગની વધુ ધારદાર અને બળવત્તર બની. જાહેરજીવન અને પારિવારિક જીવન વચ્ચે સુંદર સંતુલન સાધી શકાયું.

પૂજિત રૂપાણી ટ્રસ્ટ દ્વારા સમાજ કલ્યાણની અનેક પ્રવૃત્તિ શ્રી અને શ્રીમતી રૂપાણી પણ કરી રહ્યા છે, આ પ્રવૃત્તિ વિશે કંઈક કહેશો ?

સામાન્ય રીતે માણસ સુખની પાછળ દોડતો હોય છે. પરંતુ વ્યક્તિગત સુખો જીવનમાં ક્યારેય ચરમ સુખની અનુભૂતિ આપતાં નથી, આત્માની શાંતિ આપતા નથી. કોઈની પીડા દૂર કરવી - બીજાને ઉપયોગી થવું એ જ ચરમ સુખનો અનુભવ કરાવી શકે. જીવનના આ સત્યનો સાક્ષાત્કાર કરાવતી યાત્રાની શરૂઆત દુ:ખની ચરમ સીમાએ થઈ હતી.

પૂજિત અમારો દીકરો... માત્ર સાડા ત્રણ વર્ષની ઉંમરે આકસ્મિક મૃત્યુ પામ્યો. ફૂલ જેવા બાળકને એના ખીલવાની ઉંમરે ગુમાવવો પડે તે અમારા માટે માત્ર આઘાત જ નહીં - દુ:ખની ચરમસીમા હતી. અસહ્ય પીડા-દુ:ખની એ ચરમસીમા અને અસહાય અવસ્થામાં ભીતરથી એક જ માર્ગ ખૂલતો દેખાયો. ‘‘છેવાડાના બાળકમાં આપણા પૂજિતને જોવો’’ આના આધાર પર રચાયું ‘પૂજિત રૂપાણી ટ્રસ્ટ’.

બાળપણની સહજ અવસ્થાથી વંચિત બાળકને તેનું બાળપણ આપવા, નિરાધાર બાળકોને આશ્રય અને શિક્ષણ આપવા, તેજસ્વી બાળકોને ઉજ્જવળ ભવિષ્ય આપવા ૨૧ વર્ષથી આ ટ્રસ્ટ સતત પ્રવૃત્ત છે. આવા ઉદ્દેશો સાથેના નવ જેટલા સંવેદનાસભર પ્રોજેક્ટ બાળકોમાં નવજીવનના પ્રાણ પૂરે છે અને સેંકડો બાળકોના ચહેરા પર છલકાતી ખુશીમાં પૂજિતના થંભી ગયેલા શ્વાસો પુન: ધબકે છે. પ્રત્યેક બાળકમાં અમે પૂજિતને જોઈને રાજી થઈએ છીએ અને એમના શૈક્ષણિક, સામાજિક અને આર્થિક વિકાસ માટે કાર્ય કરતાં અનેરો સંતોષ મળે છે. (ક્રમશ:)